શ્રી. કાંતિ સાવલા
(ચેરમૅન - ગ્રુપ ઇન્ટીગ્રેટેડ)

Integrated™

ગ્રુપ ઈન્ટીગ્રેટેડ ચાલે છે સફળતાના મક્કમ માર્ગ પર
ભવિષ્યનું નિર્માણ વર્તમાનમાં

એ જ લોકો આખરે ફાવી ગયા
જે સમયસર બીજાને વાવી ગયા

ઈમારત કઈ રીતે આકાર લેશે એનો નક્શો બનાવી શકાય, પણ જિંદગી કઈ રીતે આકાર લેશે એ તો સંકલ્પશક્તિ, પુરુષાર્થ અને નિયતિ નક્કી કરે છે. ઈન્ટીગ્રેટેડ જૂથના ચેરમેન કાંતિ સાવલા વિચારને બ્લૂ પ્રિન્ટમાં અને બ્લૂ પ્રિન્ટને વાસ્તવકિતામાં પરિવર્તિત કરે છે. પુરુષાર્થ, કુનેહ, દૂરંદેશી અને કુશળતાનો સમન્વય સધાયો છે ઈન્ટીગ્રેટેડ જૂથની ટીમમાં. અનુભવી અને ઉત્સાહી પ્રોફેશનલ ટીમનો પ્રત્યેક સભ્ય એના વિકાસમાં યોગદાન આપી રહ્યો છે. રિયલ એસ્ટેટથી લઈ ઈન્ફ્રાસ્ટ્રકચર સુધીના ક્ષેત્રોમાં કાર્યરત આ જૂથની ગઈ કાલ, આજ અને આવતી કાલની એક ઝલક:

વો દિન યાદ કરો

સફળતાની ઈમારતના પાયામાં નાની નાની ઘટનાઓ સમાયેલી હોય છે. ઈન્ટીગ્રેટેડના ચેરમેન કાંતિલાલ સાવલાના પિતા મણિલાલ જૂઠાલાલ સાવલાએ ૧૯૫૦ના અરસામાં મુંબઈ આવી પેપર-રદ્દી-સ્ક્રેપનો વ્યવસાય ફોર્ટમાં શરૂ કર્યો. પછીના દાયકામાં કાંતિ સ્ટોર્સને નામે સ્ટીલના વાસણની દુકાન શરૂ કરી, જે થોડા વરસો પછી સંપૂર્ણપણે ફર્નિચરના વ્યવસાયમાં રૂપાંતરિત થઈ.

દરેક પિતાની એક આગવી રીત હોય છે પુત્રને ઘડવાની. મણિલાલભાઈએ પુત્ર કાંતિને બિઝનેસ શીખવાડવા પોકેટ મનીની લાલચ આપી. પોતાની જ દુકાને બેસાડવા માટેનું આ પોકેટ મનીનું આકર્ષણ સફળ પૂરવાર થયું અને ટૂંક સમયમાં જ યુવાન કાંતિ સાવલાએ ધંધાના વિવિધ પાસાઓની મોટી સમજણ કેળવી લીધી.

કાંતિભાઈ સાવલા ૧૯૮૩માં સ્કેન્ડિનેવિયન દેશોના પ્રવાસે ગયા. ત્યાંની બેન્ટવુડ ફર્નિચર ટેકનિક ભારતમાં લાવવા પ્રયાસો કર્યા. ફર્નિચરના વ્યવસાયમાં એમણે બનાવેલી સુપર ચેર બ્રાન્ડ અત્યંત સુપર્બ પૂરવાર થઈ.

ટર્નિંગ પોઈન્ટ જરૂરી છે

ફર્નિચરના વ્યવસાયને વિસ્તારવા ૧૯૮૬માં કાંતિ સાવલાએ પહેલી વાર રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. વીશીમાંથી પિતાએ ઉપાડેલા રૂ. પચાસ હજારની મૂડી સાથે શરૂઆત કરી. દક્ષિણી બ્રાહ્મણોને કુશળતાથી સમજાવીને સૌથી પહેલો પ્રોજેક્ટ થાણામાં સાકાર કર્યો. પહેલા જ પ્રોજેક્ટમાં એમને રિયલ એસ્ટેટના વ્યવસાયની અનેક આંટીઘૂંટીઓ શીખવા મળી. આ પહેલું કદમ પછી તો વિસ્તરતું ગયું અને મુશ્કેલ ગણાતા સ્લમ પ્રોજેક્ટ એમણે હાથ પર લીધા. એમની કાબેલિયત, સમજણ અને વિશદ જ્ઞાનને કારણે મહારાષ્ટ્ર સરકારે પોલિસી ઘડવામાં પણ એમની મદદ લીધી.

એક દસકામાં ચાર દિશામાં પ્રયાસ અને પ્રવાસ

પાર્ટનરોની સહાયથી માર્બલ ટ્રેડિંગ, ભારતનો સૌથી પહેલો કહી શકાય એવો સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ ગ્રીન કાર્ડ ડિપાર્ટમેન્ટલ સ્ટોર (વાશી), ગુજરાતમાં ૧૦૦૦ એકરમાં જેમાંથી તેલ નીકળે છે એવા જોજોબા પ્લાન્ટની ખેતી અને મુંબઈમાં TDR (ટ્રાન્સફર ઑફ ડેવલપમેન્ટ રાઈટ્સ) ટ્રેડિંગ.. આમ ચાર અલગ અલગ દિશામાં એમની સાહસવૃત્તિએ પગરણ માંડ્યા. ટીડીઆર ટ્રેડિંગના ક્ષેત્રમાં પાર્ટનર સ્વ. પ્રતીક્ષા ગાલાના સહકારથી તેમણે પાયાનું ખેડાણ કર્યું અને બજારનો મોટો હિસ્સો હસ્તગત કર્યો.

દાયકે દાયકે બદલાય છે
સાહસના ક્ષેત્રો

૯૦ના દાયકામાં આઈટીનો જુવાળ શરૂ થયો. ત્યાર બાદ વીસમી સદીના આખરી વર્ષોમાં ટેલિકમ્યુનિકેશન્સની ક્રાંતિ શરૂ થઈ. એકવીસમી સદીની શરૂઆતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે કોર્પોરેટ કલ્ચર વિકસ્યું અને સૌથી મહત્ત્વનું રોકાણ થયું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે. ઈન્ટીગ્રેટેડ જૂથના વિઝન પ્રમાણે આવનારા ત્રણ દાયકામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગ રાજ કરશે. એ ધ્યાનમાં રાખીને એમણે આ ક્ષેત્રની શક્યતાઓને સફળતાપૂર્વક સાકાર કરવા એક વિસ્તૃત પ્લેટફોર્મ તૈયાર કર્યું છે, જેનો ઉપયોગ મુંબઈ અને ગુજરાતના સાહસોમાં કરવામાં આવશે. ઈન્ટીગ્રેટેડના લોગોની કલર સ્કીમમાં પણ આ રિયલ એસ્ટેટ વેલ્યુ ચેઈનમાં વિસ્તૃત પ્લેટફોર્મની ભાવનાને ઝીલવામાં આવી છે.

Integrated™

REAL ESTATE ENABLING SERVICES
REAL ESTATE DEVELOPMENT
INFRASTRUCTURE DEVELOPMENT
RENEWABLE ENERGY

નવી પેઢીને વ્હાલભર્યું વેલકમ

સાવલા પરિવારની નવી પેઢી એટલે યુ.કે.માંથી ઈન્ટરનેશનલ બિઝનેસમાં માસ્ટર્સની ડિગ્રી મેળવનાર પુત્ર નિશિત સાવલા અને યુ.કે.ના જ ICMA સેન્ટરમાંથી ઈન્ટરનેશનલ સિક્યોરિટી, ઈન્વેસ્મેન્ટ અને બેંકિંગમાં એમએસસી કરનાર પુત્રી ગ્રીષ્મા સાવલા. નવી પેઢીનું પ્રતિનિધિત્વ કરતી ભાઈબહેનની આ જોડી આધુનિક ટેકનોલોજી સાથે તાલ મિલાવીને પારંપરિક મૂલ્યોની જાળવણી કરે છે.

રિન્યુએબલ એનર્જી, સિમેન્ટ પ્લાન્ટ, પોર્ટ, માઈન્સ, ઓઈલ એન્ડ ગેસ એક્સપ્લોરેશન વગેરે ઉદ્યોગોમાં નિશિતને ઊંડો રસ છે અને એમ નક્કર કાર્ય કરવાની પૂર્વભૂમિકા તૈયાર થઈ રહી છે.

કાંતિભાઈ સાવલાએ વારસામાં ચાર સ્તંભો ઊભા કર્યા છે : શિક્ષણ, સંકલ્પશક્તિ, એક્સપોઝર અને ઝડપી વૃદ્ધિ માટેનું પ્લેટફોર્મ. એટલું જ નહીં નવી પેઢી સાથે તાલ મિલાવવા તેઓ અમેરિકાના બોસ્ટન સ્થિત ઑનર પ્રેસિડન્ટ મેનેજમેન્ટ પ્રોગ્રામનો ૩ વર્ષનો કોર્સ કરી રહ્યા છે, જેથી ગ્લોબલ પ્રોફેશનલિઝમને વ્યવસાયમાં સાંકળી શકાય.

Team Integrated

VPL-T20 HAT-TRICK CHAMPION

ઓહ ક્રિકેટ ! વાહ ક્રિકેટ !

VAGAD PREMIER LEAGUE
SHRI VAGAD KALA KENDRA

ક્રિકેટ: રમતથી બ્રાન્ડિંગ સુધી

રમત માત્ર શરીરની સ્ફુર્તિ માટે નથી હોતી. ભારતમાં આબાલવૃદ્ધમાં લોકપ્રિય ક્રિકેટનો મોટો ફાયદો એ છે કે સમાજના વિવિધ સ્તરના લોકો એક મંચ પર આવે છે અને એક વિશાળ પરિવારની ભાવના સર્જાય છે. આ ભાવનાને બિરદાવવા વાગડ કલાકેન્દ્ર દ્વારા આયોજિત વીપીએલ ટી-૨૦ કપની શરૂઆત કરવામાં આવી. છેલ્લા ત્રણ વર્ષથી આ સ્પર્ધાને મળતો ઉત્તમ પ્રતિસાદ અને ટીમ ઈન્ટીગ્રેટેડ મળેલી જ્વલંત સફળતા એ ટીમવર્કની નિશાની છે.

રાઝ કી બાત કહે દું તો...

સ્પર્ધામાં ભાગ લેનાર ટીમમાં પૂરવાર થયેલા કાબેલ ખેલાડીઓ ન હોય તો ટીમની ફાઈનલમાં પહોંચવાની શક્યતા નહિવત રહે છે. પણ દરેક ખેલાડીમાં જે કાબેલિયત હોય એનું અન્ય ખેલાડીઓ સાથે ઉત્તમ સંયોજન કરીને ગેમ રમવામાં આવે તો એ ડાર્ક હોર્સ પૂરવાર થઈ શકે. ટીમ ઈન્ટીગ્રેટેડે આ જ વાત પૂરવાર કરી બતાવી. અન્ય સ્પર્ધકોની દૃષ્ટિએ નબળી લાગતી ટીમ પહેલા વર્ષે વિજેતા નીવડી એના અનેક કારણો છે, જે રમતની દૃષ્ટિએ અને આયોજનની દૃષ્ટિએ સમજવા જેવા છે. સૌથી પહેલું કારણ પ્રોફેશનલ કોચ. રાજસ્થાન રોયલ તથા મુંબઈની અન્ડર નાઈન્ટીનના કોચ તરીકે સેવા આપનાર સતીશ સામંત ઉપરાંત રાજેશ સનીલ અને મિલિંદ તામ્હણેએ ટીમ ઈન્ટીગ્રેટેડને કોચિંગ આપ્યું. ખેલાડીઓના ક્રિકેટ પ્રત્યેના સમર્પણનું સાધનામાં રૂપાંતર કર્યું. ઘણી વાર એ-૪ સાઈઝના એક કાગળ પર ઘડાતી વ્યૂહરચના કિંગ સાઈઝના મેદાન પરની જીત માટેનો પાયો ઘડતી હોય છે. શારીરિક સજ્જતાની સાથે માનસિક ભૂમિકા પણ રમતમાં અગત્યની હોય છે. આ જ વાત ઈન્ટીગ્રેટેડની ટીમના પ્રમોટરોએ ધ્યાનમાં રાખીને પોતાની આયોજનની કુશળતાનો લાભ આ રમતને પણ આપ્યો.

આશા અમર છે

પહેલા વર્ષની સ્પર્ધામાં પહેલી ચાર મેચમાંથી ત્રણ મેચમાં પરાજય થાય ત્યારે ફાઈનલમાં પહોંચવાની આશા રાખવાને બદલે શ્રોતા તરીકે ફાઈનલ મેચ જોઈશું એવા વિચારો ઘર કરવા લાગે. પણ ના. ઈન્ટીગ્રેટેડની ટીમે ફાઈનલ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું જ હતું. નિશાન ચૂક માફ. નહિ માફ નીચું નિશાન. બાકીની ૩ મેચમાં ટફ ટીમ સામે જબરદસ્ત દેખાવ કર્યો અને પહેલા વર્ષની ટ્રોફી જીતી લીધી.

બીજા વર્ષે જીતો તો સાચા

ફ્લુકમાં જીતી ગયા છો - એવા આક્ષેપને ખોટા પાડવા બીજા વર્ષે જીતનું સાતત્ય જાળવી રાખવું પડે. અને ઈન્ટીગ્રેટેડની ટીમે એ જાળવ્યું. પહેલા વર્ષે અદ્‌ભૂત ફિલ્ડિંગ એમની જીતમાં કામ આવી, તો બીજા વર્ષે સુંદર બોલિંગ. હવે કોઈ પણ હરીફ આગળ બોલે એ પહેલા સતત ત્રીજા વર્ષે પણ ટ્રોફી જીતી આ ટીમે કમાલ કરી દીધી. ત્રીજા વર્ષની જીતના પાયામાં સક્ષમ બેટિંગ રહી. રમતગમતના જાણકારોને ખબર હશે કે મોટી સ્પર્ધાઓમાં જીતની હેટ્રિક કરવી બહુ અઘરી હોય છે. ત્રણ વર્ષથી કપ જીતી રહેલી ટીમના વિજયના રહસ્યમાં કારણમાં હતું ટીમના સાતત્ય, ટીમવર્ક, યોગ્ય આયોજન, પ્રેક્ટિસ, પરસ્પરના વિશ્વાસ અને એકમેકને સાચવી લેવાની ઉદ્‌ાત ભાવનાએ ભાગ ભજવ્યો.

SHREE WAGAD KALA KENDRA

વાગડ સમાજનો
વિસ્તરેલો અવાજ

ખંત, ખમીર અને ખુમારી
એ છે વાગડની પહેચાન
સંપ, સહકાર અને સદ્‌ભાવના
એ છે વાગડની શાન

મુંબઈમાં ઠેરઠેર વાગડ સમાજનો ડંકો વાગે છે. એક વિશાળ પરિવારની ભાવના સાથે જીવતો વાગડ સમાજ ટકી રહેવાની સ્પર્ધા, સ્થિર થવાના પરિશ્રમના વિવિધ મુકામોને પસાર કરી વિકાસના અનેક તબક્કાઓ સર કરી રહ્યો છે. આ જ સમાજમાં પ્રશંસનીય કાર્ય કરનાર ઈન્ટીગ્રેટેડ જૂથ અનેક સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં આર્થિક સહાય આપે છે. રિન્યુએબલ એનર્જી વિષય લઈને ભણવા માગતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપે છે. ૩૨ જ્ઞાતિઓની સ્પર્ધામાં ઈન્ટીગ્રેટેડ મિડ-ડે કપની સ્પોન્સરશીપ છેલ્લા બે વર્ષથી આપે છે.

આ નામ... શું કામ ?

હવેનો જમાનો બ્રાન્ડ ઈમેજનો છે. એક જ પરિવારની કંપનીઓ અનેક નામે ભલે કાર્યરત હોય, પણ એને એક છત્ર તળે લાવવી જરૂરી છે, જેથી સંઘશક્તિનો અહેસાસ થાય. મુંબઈના પ્રખ્યાત મેનેજમેન્ટ બ્રાન્ડિંગ ગુરુના સૂચનથી ૨૦૦૮માં કૉર્પોરેટ બ્રાન્ડ તરીકે ઈન્ટીગ્રેટેડ સ્પેસિસ લિમિટેડ અસ્તિત્વમાં આવી. ત્રણ દાયકાનો અનુભવ આ એક જ નામમાં હવે એકત્રિત થયો છે અને આગામી ત્રણ દાયકાનું સુસ્પષ્ટ પ્લાનિંગ આ કંપની ધરાવે છે.

Integrated™

REAL ESTATE DEVELOPMENT
• SLUM REHABILITATION •
• SOCIETY RE-DEVELOPMENT •
• TENANT ENCUMBERED RE-DEVELOPMENT •

1 SQUARE FOOT™

અખ્યારે કાર્યરત છે

ભવિષ્યમાં ઊભા રહી શકાય એ માટે ભવિષ્યને વર્તમાનમાં જુઓ. . . માત્ર ઈમારત ઊભી નથી કરવાની સંબંધો ઊભા કરવાના હોય છે. . . મૂલ્યો સાથે બાંધછોડ કર્યા વિના બદલાતા માહોલ પ્રમાણે માનસિકતા કેળવવી પડે . . . આ સિદ્ધાંતોને અનુસરતું ઈન્ટીગ્રેટેડ જૂથ સ્લમ રિહેબિલિટેશન, સોસાયટી તથા ટેનન્ટ આધારિત રિ-ડેવલપમેન્ટ યોજનાઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ તથા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિવિધ તબક્કે કાર્યરત છે.